જેલ ખાતાની વર્ગ-૩ની જગ્યાએથી
વર્ગ-૨ની જગ્યાએ બઢતી માટેની
પસંદગી સમિતિની રચના

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જલમ-૫૩/૨૦૦૧/૧૫૪૩/જ
સચિવાલય,ગાંધીનગર.
તા.૩૦-૩-૨૦૦૧

**સંદર્ભ** : (૧) ગૃહ વિભાગના તા.૧૨-૧૦-૧૯૭૭ના ઠરાવ ક્રમાંક :
ઈએસટી-૧૦૭૭-૩૦૫૧-જ

<u>ઠરાવ :</u>

જેલ ખાતાની વર્ગ-૨ની જગ્યાઓ બઢતીથી ભરવાની વિચારણા કરવા સારુ ઉપર સંદર્ભમાં દર્શાવેલ તારીખ ૧૨-૧૦-૧૯૭૭ના ઠરાવથી નીચે દર્શાવેલ સભ્યોની ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ છેઃ-

૧. જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, અધ્યક્ષ
૨. નાયબ સચિવશ્રી(જેલ) સભ્ય.

સામાન્ય રીતે વર્ગ-૩માંથી વર્ગ-૨માં બઢતીના હેતુ માટે નિમણૂંક અધિકારી તેમજ શિસ્ત અધિકારી તરીકેની સત્તા વહીવટી વિભાગોનાં સચિવશ્રી/અગ્રસચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રીઓ પાસે છે. આથી વર્ગ-૨માં બઢતી માટે ખાતાકીય પસંદગી સમિતિની બેઠકમાં સમિતિએ કરેલ ભલામણ પ્રમાણે બઢતીના હુકમો વહીવટી વિભાગના વડાની મંજુરી મેળવીને ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં આયોગની સંમતિ મેળવ્યા બાદ કરવામાં આવે છે. વર્ગ-૩ માંથી વર્ગ-૨માં બઢતી માટેની પસંદગી સમિતિમાં યોગ્ય વિચારણા કરી નિર્ણય લઈ શકાય તે માટે નિમણૂંક અધિકારીની રુએ ગૃહ વિભાગ (જેલ)ના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી અધ્યક્ષ તરીકે હોય તે જરુરી છે. વધુમાં ગુજરાત સરકાર કામકાજના નિયમો હેઠળ માન.મંત્રીશ્રી(જેલ) વ્દારા સત્તાની સોંપણી અંગે વખતોવખત જે હુકમો કરવામાં આવે છે તેમાં જેલ ખાતાના વર્ગ-૨ના અધિકારીઓ સબંધનાં વિષયો અંગેની બાબતોના નિકાલ કરવા નિમણૂંક અધિકારી/શિસ્ત અધિકારી તરીકેની સત્તાઓ સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (જેલ)ને આપવામાં આવે છે.

આથી, ગૃહ વિભાગના તા.૧૨-૧૦-૭૭ના ઠરાવ ક્રમાંક ઈએસટી-૧૦૭૭-૩૦૫૧-જ થી વર્ગ-૩માંથી વર્ગ-૨માં બઢતી માટે જે ખાતાકીય પસંદગી

........૨

સમિતિની રચના કરી છે. તે મુજબ જેલર ગ્રુપ–૨ (વર્ગ–૩), ફેકટરી મેનેજર (વર્ગ–૩) માંથી જેલર ગ્રુપ–૧(વર્ગ–૨) તેમજ જેલર ગ્રુપ–૧(વર્ગ–૨) અને ઓપન જેલમાંથી જિલ્લા જેલ અધિક્ષક, ખાસ જેલ અધિક્ષક/અને આચાર્ય જેલ ગાર્ડ તાલીમ શાળા (વર્ગ–૨)માં બઢતી આપવા માટે વિચારણા કરવા ખાતાકીય પસંદગી સમિતિમાં સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી (જેલ)નો સમાવેશ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઉકત બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે જેલ ખાતાની વર્ગ–૩ની જગ્યાએથી વર્ગ–૨ની જગ્યાએ તેમજ વર્ગ–૨ની જગ્યાએથી વર્ગ–૨ની જગ્યાએ બઢતી માટે વિચારણા કરવા સારુ નીચે દર્શાવ્યા પ્રમાણેની ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>પસંદગી સમિતિ :–</u>

(૧) ગૃહ વિભાગ(જેલ)ના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી..... અધ્યક્ષ
(૨) જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી.....સભ્ય
(૩) જેલોના નાયબ/ખાસ ઈન્સ્પેકટર જનરલશ્રી...સભ્ય.

આ હુકમો ગૃહ વિભાગની સરખાં ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(કર્મચારી ગણ), સામાન્ય વહીવટ વિભાગની તા.૨૨–૩–૨૦૦૧ની નોંધથી મળેલ સંમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયૂર આઈ.ભટ્ટ)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
(૧) અગ્ર સચિવશ્રી(વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ–૨૭
(૩) જેલોના ખાસ ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
(૪) ઉપસચિવશ્રી, ગ–૨ શાખા, સચિવાલય, ગાંધીનગર,
(૫) સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
(૬) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
(૭) શાખા સિલેકટ ફાઈલ.